**BY E MAIL :**

**ટોચ અગ્રતા/અગત્યનું**

FILE NO : COS/MIS/e-file/276/2025/1164/SECONDARY

કમિશનર શાળાઓની કચેરી
વિદ્યા સમીક્ષા કેન્દ્ર, બીજો માળ,
સેક્ટર-૧૯, ગુ.રા.ગાંધીનગર.

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારી કચેરીઓ તમામ.

**વિષય :** અધિકારી/કર્મચારીઓને જૂની પેન્શન યોજનાનો લાભ આપવા બાબતે સેવાજોડાણ અંગેની માહિતી રજુ કરવા બાબત

**સંદર્ભ :** ૧) અત્રેનો પત્રાંક : COS/0174/07/2025, તા.૦૯/૦૭/૨૦૨૫
૨) શિક્ષણવિભાગ, ગાંધીનગરનો પત્રાંક : ED/0754/07/2025, તા.૧૯/૦૭/૨૦૨૫

ઉપરોક્ત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે, અત્રેથી સંદર્ભ-(૧) દર્શિત પત્રથી અધિકારી/કર્મચારીઓને જૂની પેન્શન યોજનાનો લાભ આપાવા બાબતે આચાર્ય, જુના શિક્ષક તથા એક કરતાં વધુ સેવાઓ બજાવેલ કર્મચારીઓના કિસ્સામાં સેવા જોડાણ બાબતે નાણાવિભાગની અલાયદી મંજુરી અંગે શિક્ષણવિભાગ પાસેથી માર્ગદર્શન માંગેલ હતું. જેના અનુસંધાને શિક્ષણવિભાગ, ગાંધીનગર દ્વારા સંદર્ભ-(૨) ના પત્રથી જણાવ્યા અનુસાર આપના જિલ્લાની નીચે મુજબની વિગતો રજુ કરવા આથી જણાવવામાં આવે છે.

| ક્રમ | મુદ્દાની વિગત | કર્મચારીઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | હાલની સ્થિતિએ આપના જિલ્લાની બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં કુલ કેટલા આચાર્ય છે જે મદદનીશ શિક્ષકમાંથી આચાર્ય તરીકે સીધી ભરતીથી નિમણૂંક પામેલ છે ? જેઓની સેવા સળંગ કરવાની રહે છે. | |
| ૨ | હાલની સ્થિતિએ આપના જિલ્લાની બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં કુલ કેટલા મદદનીશ શિક્ષક છે કે જેઓ જુના શિક્ષક તરીકે નિમણૂંક પામેલ છે ? જેઓની સેવા સળંગ કરવાની રહે છે. | |

ઉક્ત વિગતો શિક્ષણવિભાગ, ગાંધીનગર કક્ષાએ તાત્કાલિક રજુ કરવાની થતી હોય સદરહું બાબતને ટોચ અગ્રતા આપી ઉક્ત માંગ્યા મુજબની વિગતો જરૂરી આધારોસહ અત્રેની કચેરીને દિન-૦૧ (એક) માં **ssmadhyamik3@gmail.com** ઈ મેઈલ મારફત બિનચૂકપણે મોકલી આપવા જણાવવામાં આવે છે.

નાયબ શિક્ષણ નિયામક

Signature Not Verified
Signed by:Jayeshbhai Mohanbhai Patel
Deputy Director
Date: 2025.07.22 17:46:50 +05:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign

માધ્યમિક
ગુ.રા.ગાંધીનગર

Signature Not Verified
Signed by:Jayeshbhai Mohanbhai Patel
Deputy Director
Date: 2025.07.22 17:46:50 +05:30